# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૩ વર્ષ - ૧૪ : એપ્રિલ–૨૦૧૧

## ‘પરમાગમસાર’ માંથી ચૂંટેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના કેટલાક વચનામૃત



જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયાં છે. ૨૦૬.

❀

સમકિતીની આખી દુનિયામાંથી રૂચિ ઉડી ગઈ છે. એક આત્મામાં જ રૂચિ છે, એક આત્માને જ ઠરવાનું ઠામ જાણે છે. ફરી ફરીને એક આત્મા તરફ જ તેની પરિણતિ આવે છે. ૨૨૪.

❀

જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૩૩.

❀

જેણે જીવન કાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગ કાળે ખેદ નહિ થાય. ૨૪૨.

❀

દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દૃષ્ટિમાં) છોડ એની બલિહારી છે ..... આ તો શૂરવીરના ખેલ છે. ૨૪૩.

❀

એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૨૪૭.

❀

સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે. બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે. ૨૫૮.

❀

સંતો કહે છે કે અમે અમારા સ્વઘરમાં આવ્યા. હવે અનુકૂળતાના બરફમાં અમે ઓગળી જવાના નથી અને પ્રતિકૂળતાની અગ્નિમાં બળવાના નથી. અમારો જ્ઞાન વિલાસ પ્રગટ્યો છે એમાં અમે પોઢ્યા તે પોઢ્યા. હવે અમને ઉઠાડવા કોઈ સમર્થ નથી. ૨૯૬.

❀

વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી ! ૩૧૬.

❀

સ્મશાનમાં ફૂલેલા મડદા પડ્યા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે. તેમ આ રૂષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલા મડદા છે તેમાં સુખ માને છે તે બધા કાળા કાગડા સમાન છે. ૩૧૮.

❀

આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી, તેથી મૃત્યુ પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે. ૩૫૦.

❀

અરે ભાઈ ! તું ક્યાં રોકાઈ ગયો ? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ ક્યાંથી થાય ? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ ! તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહીં ને બહાર ને બહારમાં ક્યાં રોકાઈ ગયો ? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે. ૩૭૭.

❀

ભાઈ ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યાં છે ત્યાં જો, ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે. બહારમાં ક્યાંય સુખ નથી. અરે ! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે ! દીકરા ! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે. ૩૭૮.

આહાહા ! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા ! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહા ! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે (ઓળખાણ થતાં) એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૩૯૬.

❀

સ્ત્રી-પુત્ર-પૈસા-આબરું આદિમાં કે રાગની મંદતામાં સુખ છે એમ માને છે તેણે જીવનું મરણ કર્યું છે કે હું પોતે આનંદસ્વરૂપ નથી પણ મારો આનંદ બહારથી મળે છે ! ચૈતન્યપરિણતિથી જીવે તે જીવનું જીવનુ છે. બાકી બધા ચાલતાં મડદા છે. પામર પર ચીજમાં નજર દોડાવીને સુખી માને છે પણ પ્રભુ તું દુઃખી છો ! જ્યાં આનંદનું ધામ છે, આનંદનો ઢગલો છે, તેને જેણે પ્રતીતિમાં ને જ્ઞાનમાં લીધું તેને જ્ઞાન અને આનંદની પરિણતિ થઈ-એ ખરું જીવન છે. ૪૦૭.

❀

બહારમાં હોંશુ ન કરીશ ભાઈ ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ. ચૈતન્યની ઝળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય-બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન. ૪૦૮.

❀

આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરા પ્રસંગો આવી પડે. દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો રોગ થઈ ગયો હોય. ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિને પ્રગટ કરી શકાય છે. ૪૧૭.

❀

હું જાણનાર દેખનાર જ્ઞાતા છું-એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે ને ત્યારે વિકલ્પનું કર્તાપણું છૂટે છે. ૪૨૬.

❀

ચલો સખી વહાં જઈએ, જહાં અપના નહિ કોઈ,<br>
શરીર ભખે જનાવરા, મુવા રોવે ન કોઈ.

આહાહા ! સંગથી ચાલ્યો જા ! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા ! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડ્યો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા ! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ ! શું કહીએ. ૪૩૩.

❁

પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ, પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે ? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૪૩૮.

❁

પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને ! આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી ! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખુના-હોશુંના સબડકા છોડી દે. એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ. ૪૫૯.

❁

અરેરે ! પાંચ-પચાસ હજાર રૂપિયા મળી જાય ત્યાં તો હરખાઈ જાય છે પણ ખરેખર તો એ રોઈ રહ્યો છે. આત્મામાં અનંતા ગુણની અજાયબી છે તેને જોતો નથી ને પૈસા મારા, રાગ મારો એમ જીવનની જ્યોતિને ત્યાં અટકાવી દીધી છે ને આત્માનું ખૂન કરી રહ્યો છે. ૪૭૬.

❁

અનંત અનંત ગુણોનો સાગર એવા ભગવાન આત્માના અનંતા અનંતા ગુણથી વિરુદ્ધભાવ જે મિથ્યાત્વ તેના ગર્ભમાં અનંતાનંત ભવ પડ્યાં છે, તેથી પહેલાં તેને છોડવો જોઈએ. અનંત ગુણના ભંડાર ભગવાનથી વિરુદ્ધ શ્રદ્ધારૂપ જે મિથ્યાત્વભાવ તેમાં અનંતા અનંતા ગુણોનો અનાદર છે. અનંતા ગુણનો લાભ સ્વ-આશ્રયથી થાય છે. એમ ન માનતાં પર-આશ્રિત એવા રાગભાવમાં જેણે પોતાપણું માન્યું છે તેણે અનંતા ગુણોનો અનાદર કર્યો છે. અનંતાનંત ગુણ છે તેનો અનાદર કરીને રાગના એક કણને પોતાનો માન્યો એવા મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. આત્મામાં અનંતાનંત ગુણો ભર્યા છે અને તેના અનાદરરૂપ મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. તેથી એ મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ કેમ કરતો નથી ? ગફલતમાં કેમ રહે છે ? ૪૮૬.

❁

આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે ? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરુ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે, એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે ? માટે તું મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના

માન-સન્માન ને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. ૪૮૭.

❀

કોઈ છરી લઈને મારવા આવે તો ડર લાગે, સર્પને દેખે તો ડર લાગે, વીંછીને દેખે તો ડર લાગે, શત્રુને દેખે તો ડર લાગે. આકરા રોગને દેખે તો ડર લાગે પણ જે અનંતા ભવ કરાવનાર છે એવા મિથ્યાત્વભાવનો એને ડર લાગતો નથી. એ ડર લાગે તે સ્વભાવનું શરણ શોધવા જાય. ૫૦૬.

❀

પ્રશ્ન :- સંસારનો થાક લાગવાનો ઉપાય શું ?

ઉત્તર :- સંસારમાં શુભાશુભ ભાવો છે તે દુઃખરૂપ છે, એના ફળમાં ચારગતિ મળે છે. તેમાં અનેક પ્રકારનાં દુઃખો ને આકુળતા છે એમ એને અંદરથી લાગવું જોઈએ. શુભાશુભભાવ દુઃખરૂપ જ છે એમ લાગે તો સંસારનો થાક લાગે. ૫૨૩.

❀

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૦ મા જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૦ મી જન્મ જયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

**સંપર્ક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧**

**આયોજક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર**




૭૦૨

રાળજ, શ્રાવણ વદ ૧૪, રવિ, ૧૯૫૨

**વિચારવાન પુરુષો તો કૈવલ્યદશા થતાં સુધી મૃત્યુને નિત્ય સમીપ જ સમજીને પ્રવર્તે છે.**

ભાઈ શ્રી અનુપચંદ મલુકચંદ પ્રત્યે, શ્રી ભૃગુકચ્છ.

ઘણું કરીને ઉત્પન્ન કરેલાં એવાં કર્મની રહસ્યભૂત મતિ મૃત્યુ વખતે વર્તે છે. ક્વચિત્ માંડ પરિચય થયેલ એવો પરમાર્થ તે એક ભાવ; અને નિત્ય પરિચિત નિજકલ્પનાદિ ભાવે રૂઢિધર્મનું ગ્રહણ એવો ભાવ, એમ ભાવ બે પ્રકારના થઈ શકે. સદ્વિચારે યથાર્થ આત્મદૃષ્ટિ કે વાસ્તવ ઉદાસીનતા તો સર્વ જીવ સમૂહ જોતાં કોઈક વિરલ જીવને ક્વચિત્ ક્વચિત્ હોય છે; અને બીજો ભાવ અનાદિ પરિચિત છે, તે જ પ્રાયે સર્વ જીવમાં જોવામાં આવે છે, અને દેહાંત પ્રસંગે પણ તેનું પ્રાબલ્ય જોવામાં આવે છે, એમ જાણી મૃત્યુ સમીપ આવ્યે તથારૂપ પરિણતિ કરવાનો વિચાર, વિચારવાન પુરુષ છોડી દઈ, પ્રથમથી જ તે પ્રકારે વર્તે છે. તમે પોતે બાહ્ય ક્રિયાનો વિધિનિષેધાગ્રહ વિસર્જનવત્ કરી દઈ, અથવા તેમાં અંતરપરિણામે ઉદાસીન થઈ, દેહ અને તેના સંબંધી સંબંધનો વારંવારનો વિક્ષેપ છોડી દઈ, યથાર્થ આત્મભાવનો વિચાર કરવાનું લક્ષગત કરો તો તે જ સાર્થક છે. છેલ્લે અવસરે અનશનાદિ કે સંસ્તરાદિક કે સંલેખનાદિક ક્રિયા ક્વચિત્ બનો કે ન બનો તોપણ જે જીવને ઉપર કહ્યો તે ભાવ લક્ષગત છે, તેનો જન્મ સફળ છે, અને ક્રમે કરી તે નિઃશ્રેયને પ્રાપ્ત થાય છે.

તમને બાહ્યક્રિયાદિનો કેટલાંક કારણથી વિશેષ વિધિનિષેધ લક્ષ જોઈને અમને ખેદ થતો કે આમાં કાળ વ્યતીત થતાં આત્માવસ્થા કેટલી સ્વસ્થતા ભજે છે, અને શું યથાર્થ સ્વરૂપનો વિચાર કરી શકે છે, કે તમને તેનો આટલો બધો પરિચય ખેદનો હેતુ લાગતો નથી ? સહજમાત્ર જેમાં ઉપયોગ દીધો હોય તો ચાલે તેવું છે, તેમાં લગભગ 'જાગૃતિ'કાળનો ઘણો ભાગ વ્યતીત થવા જેવું થાય છે તે કેને અર્થે ? અને તેનું શું પરિણામ ? તે શા માટે તમને ધ્યાનમાં આવતું નથી ? તે વિષે ક્વચિત્ કંઈ પ્રેરવાની ઇચ્છા થયેલી સંભવે છે, પણ તમારી તથારૂપ રુચિ અને સ્થિતિ ન દેખાવાથી પ્રેરણા કરતાં કરતાં વૃત્તિ સંક્ષેપી લીધેલી. હજી પણ તમારા ચિત્તમાં આ વાતને અવકાશ આપવા યોગ્ય અવસર છે. લોકો માત્ર વિચારવાન કે સમ્યગ્દૃષ્ટિ સમજે તેથી કલ્યાણ નથી, અથવા બાહ્યવ્યવહારના ઘણા વિધિનિષેધના કર્તૃત્વના માહાત્મ્યમાં કંઈ કલ્યાણ નથી, એમ અમને તો લાગે છે. આ કંઈ એકાંતિક દૃષ્ટિએ લખ્યું છે અથવા અન્ય કંઈ હેતુ છે, એમ વિચારવું છોડી દઈ, જે કંઈ તે વચનોથી અંતર્મુખવૃત્તિ થવાની પ્રેરણા થાય તે કરવાનો વિચાર રાખવો એ જ સુવિચારદૃષ્ટિ છે. લોક સમુદાય કોઈ ભલો થવાનો નથી, અથવા સ્તુતિનિંદાના પ્રયત્નાર્થે આ દેહની પ્રવૃત્તિ તે વિચારવાનને કર્તવ્ય નથી. બાહ્યક્રિયાના અંતર્મુખવૃત્તિ વગરના વિધિનિષેધમાં કંઈ પણ વાસ્તવ્ય કલ્યાણ રહ્યું નથી. ગચ્છાદિ ભેદને નિર્વાહવામાં, નાના પ્રકારના વિકલ્પો સિદ્ધ કરવામાં આત્માને આવરણ કરવા બરાબર છે. અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી, એમ જાણી લખ્યું છે. તે માત્ર અનુકંપાબુદ્ધિએ, નિરાગ્રહથી, નિષ્કપટતાથી, નિર્દંભતાથી, અને હિતાર્થે લખ્યું છે, એમ જો તમે યથાર્થ વિચારશો તો દૃષ્ટિગોચર થશે, અને વચનનું ગ્રહણ કે પ્રેરણા થવાનો હેતુ થશે.

## આવેદન પત્ર

(પૂજ્ય સોગાનીજીની ૧૦૦ મી જન્મ-જયંતીમાં આવવા માટેની વિગત)

નામ : ........................ ગામનું નામ : ........................

પહોંચવાની તા. : ........................ મોટા : ........................ નાના : ........................

નીચેના સરનામા ઉપર સાફ અક્ષરોમાં વિગત ભરી મોકલવા વિનંતી.

**સંપર્ક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧**



# શ્રી સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન ૨૨૨ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૪૧૯ (તા.૨૪-૯-૧૯૯૭) કલકત્તા

પ્રશ્ન છે એ પહેલા સમજવો જોઈએ. કેમ કે ઉત્તર છે એ પ્રશ્નને અનુસરીને હોય છે. કોઈપણ વાત સામે આવે ત્યારે કઈ ભૂમિકાની વાત ચાલે છે એટલી વાત જો આપણા ખ્યાલમાં ન હોય તો વાત કરનાર કાંઈક કહે અને આપણે વિચારીએ કાંઈક, બીજો જ વિચાર ચાલે. ઉપદેશ તો ભગવાને મુનિને પણ આપ્યો છે, જ્ઞાનીઓને પણ આપ્યો છે અને મુમુક્ષુઓને પણ આપ્યો છે. એમ ત્રણ સ્તરનો ઉપદેશ સામાન્યપણે છે. વિશેષપણે તો મુનિઓને પણ અનેક ભૂમિકા છે, એ ભૂમિકાનો ઉપદેશ છે. જ્ઞાનીઓની પણ અનેક ભૂમિકા છે ચોથા અને પાંચમાં ગુણસ્થાનમાં પણ, એને અનુસરીને ઉપદેશ છે અને મુમુક્ષુની પણ અનેક ભૂમિકા છે. એક યોગ્યતાવાળા મુમુક્ષુ હોતા નથી. જ્ઞાનીઓ-મુનિઓની ચર્ચાનું આપણે કોઈ અત્યારે પ્રયોજન નથી પણ મુમુક્ષુની ભૂમિકાનું પ્રયોજન છે.

મુમુક્ષુ :- આપણે પૂર્વ ભૂમિકામાં હોઈએ, એ ભૂમિકાની ... પ્રશ્ન કઈ ભૂમિકાનો છે એનો નિર્ણય કરવો હોય તો એ કઈ રીતે ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, સીધી ખબર ન પડે. સત્સંગ જરૂરી છે. રોજ આપણે સત્સંગ જ એટલા માટે કરીએ છીએ કે સીધી ખબર પડે એવો વિષય નથી કે આ કઈ ભૂમિકાનો પ્રશ્ન ચાલે છે ? એટલે એ તો સત્સંગ વગર સમજાય એવું નથી. આમ પણ કોઈ ગંભીર રોગ હોય ને ત્યારે દર્દીને Hopitalise કરવો જ પડે છે. અને પછી હોસ્પિટલમાં એને લઈ ગયા પછી એનું Supervision એ લોકોના હાથમાં જાય છે. પછી દર્દી પોતાની મનમાની ન કરી શકે અને દર્દીના સગાઓ પણ ન કરી શકે. પછી તો ડોક્ટર કહે એ પ્રમાણે જ ચાલવું રહ્યું. એના કબ્જામાં ગયા એ તો. અને એ લોકો કાળજી ઘણી રાખે છે. દર કલાકે, દર અડધી કલાકે જેવી જરૂરિયાત, દર બે કલાકે દર્દીની જેવી જરૂરિયાત પ્રમાણે એના બધા Reading લીધા કરે. એની તપાસ કર્યા જ કરે છે કે આને શું થઈ રહ્યું છે ? શું થઈ રહ્યું છે ? શું થઈ રહ્યું છે ? સુધારો છે કે બગાડો થયો ? સુધારો થયો કે (નહિ) ? દવાની, Treament ની અસર છે કે નથી અસર ? અને ત્યારે જ એ દર્દ મટે છે. એ એની જરૂરિયાત છે. અને એમાં દર્દીને કે એના સગાઓને ગમે કે ન ગમે અનિવાર્યપણે એણે દાખલ થવું જ પડે, બીજો રસ્તો નથી.

એમ આ એક ભવરોગ છે એ સૌથી ગંભીર ભવરોગ છે, બધા રોગથી. શરીરના તમામ રોગથી આત્માને જે રોગ લાગુ પડ્યો છે અને અનંતકાળથી આ જીવ પરિભ્રમણ કરી રહ્યો છે અને એ પરિભ્રમણનો નાશ હજી સુધી કરી શક્યો નથી. શું કરવાથી એનો નાશ થાય ? એ એક ગંભીર સમસ્યા છે, રહસ્યમય સમસ્યા છે અને આટલી વાતમાં અનંતઅર્થ સમાયો છે એમ 'કૃપાળુદેવે' ૧૯૫માં એ વાત કરી, કે આ વાક્યમાં અનંત અર્થ સમાયો છે. તો જો એ વિષયની ગંભીરતા ઉપર ધ્યાન ન જાય તો સત્સંગનું જે મહત્ત્વ છે એ નહિ સમજાય કે સત્સંગ શેના માટે ?

સત્સંગ છે એમાં રોજ કાંઈક ને કાંઈક સૂચના મળે છે અને તદ્નુસાર આપણે Treatment લેવાની રહે છે, Treatment કરવાની રહે છે, જ્યાં આપણને જેમ લાગે એમ. એટલા માટે એ બહુ જરૂરી વસ્તુ છે.

અને જ્ઞાનીઓની પણ આજ્ઞા છે. 'કૃપાળુદેવ'નું તો ખૂબ વજન છે કે દેહત્યાગ થાય એવા પ્રસંગમાં પણ સત્સંગને ગૌણ કરવા યોગ્ય નથી. ૬૦૯ માં એ વાત એમણે કરી છે.

અહીંયાં જે છે, એ એક સહજ જેને પુરુષાર્થ ચાલતો નથી. સહેજ પુરુષાર્થની ભૂમિકામાં જે જીવ આવ્યો નથી એને શું કરવું ? અંતરના ઊંડાણથી એને કોઈ ભાવો હજી સહેજે અંદરથી આવતા નથી. તો એને શું કરવું ? એવી ભૂમિકાવાળાનો આ પ્રશ્ન છે.

ત્યારે 'બહેનશ્રી'એ એમ કહ્યું, કે તને ભલે અંદરથી ન આવતું હોય તો ઉપર ઉપરથી કર. પણ તું આ પદ્ધતિ, આ માર્ગ, આ સત્સંગ વગેરે જે કાંઈ છે એ તું છોડીશ નહિ. ભલે તને અંદરથી ન થતું હોય. એમ કરીને તું મૂકી નહિ દેતો, છોડી નહિ દેતો.

એટલે સમાધાનમાં કહે છે **'હા તે રસ્તે જા.'** અને ઉપર ઉપરથી કરતો હોય ત્યારે પણ **'અંદરમાં તારું લક્ષ અને ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે.'** એ વખતે પણ તારા લક્ષમાં એ વાત હોવી જોઈએ કે આ ઉપર-ઉપરથી થાય છે ત્યાં સુધી મારું કામ નહિ ચાલે. મારે ગમે ત્યારે પણ ઊંડાણમાં જવું પડશે અને ઊંડાણમાં જવા માટે મારે પ્રયત્નશીલ રહેવું. એ વાત પહેલેથી લક્ષમાં રાખવાની. નહિતર એમ કહ્યું કે ઉપર ઉપરથી કર એટલે અમે ઉપર-ઉપરથી કરીએ છીએ. અમને એ લાગુ પડે છે માટે અમે એમ કરીએ છીએ. પણ એમ તને ત્યાં રાખવા માટે વાત નથી.

ઉપર ઉપરથી કર એમ તને મંજુરી મળી છે. એ પણ શરત આધિન છે. એ શરતને આધિન છે કે એ વખતે પણ તારા લક્ષમાં એ વાત હોવી જોઈએ કે અંતરના ઊંડાણમાં જવાનું છે, ઉપર-ઉપર ચાલવાનું નથી. એટલે એ શરત સહિતની એ વાત છે.

**'કરવાનું ઊંડાણમાં (જ્ઞાયકમાં) છે.'** ઊંડાણમાં એટલે આત્મામાં, આત્માના ઊંડાણમાં કરવાનું છે. **'પણ મારામાં હજી ઘણી અધૂરાશ છે...'** જુઓ ! આ સ્વીકાર આવ્યો. ત્યાં હવે સ્વીકાર આવ્યો કે મારામાં ઘણી અધૂરાશ છે. તે અધૂરાશને કારણે મારે ક્યાંય અહંભાવ કરવાનો રહેતો નથી કે હું આટલું તો કરું છું ને હું આટલું તો કરું છું ને. એ કાંઈ અહંભાવ કરવાનો રહેતો નથી.

**'મારામાં હજી ઘણી અધૂરાશ છે એમ નક્કી કરીને ઊંડાણનું લક્ષ કરવાનો પ્રયત્ન કર.'** ઉપર ઉપરથી કર ત્યારે પણ ઊંડાણમાં જવાનો પ્રયત્ન કરજે. કેમ કે એ વાત તારા લક્ષમાં હોવી જોઈએ અને એનો પ્રયત્ન પણ હોવો જોઈએ. **'ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું,...'** મૂકી ન દેવું. ભલે ઉપર ઉપરથી થતું હોય. પણ એટલું મૂકી દેવાની વાત નથી. **'કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા, અને શુભમાં રોકાવાનું પણ નથી કહેતા.'** ઉપર ઉપરથી કરવાનું છોડી દઈશ તો પાછો અશુભમાં જતા વાર નહિ લાગે. કેમ કે એ તો ઘેરાવો છે. અશુભયોગનો ઘેરાવો છે. ઘર, દુકાન એ બધો અશુભયોગનો જ ઘેરાવો છે. ત્યાં જવાનું તો તને અમે કહેતા જ નથી. તેમ અશુભમાંથી તું શુભમાં આવ એટલે ત્યાં તું રોકાઈ જા એમ પણ અમે કહેતા નથી.

શુભ-અશુભની ચર્ચા, દર્શનમોહ અને અજ્ઞાન મટાડવા ઉપર જેનું વજન ન હોય એ કર્યા કરે. કેવળ શુભ-અશુભની ચર્ચા કોણ કરે ? કે ભાઈ ! આ પાપ નહિ કરવાનું... આ પાપ નહિ કરવાનું... આ પાપ નહિ કરવાનું. તમારે જિનમંદિર રોજ આવવું જોઈએ. રાત્રિ ભોજન કરવું ન જોઈએ. ફલાણું આમ, ફલાણું આમ. પુણ્ય-પાપની ચર્ચા કોણ કરે ? કે જેને મિથ્યાત્વ અને અજ્ઞાન મટાડવા ઉપર વજન ન હોય તે. મિથ્યાત્વ અને અજ્ઞાન એ ભયંકર સંસાર પરિભ્રમણનું કારણ છે એમ જેનું ધ્યાન ગયું, તે વાત લક્ષ ઉપર આવી તે શુભ-અશુભને ગૌણ કરે છે.

મુમુક્ષુ :– પુણ્યને મુખ્ય કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ ગૌણ કરી નાખે. શુભ-અશુભને ગૌણ કરી નાખશે. એટલે ક્યાંક અશુભ થશે તો અશુભને પણ બહુ વજન નહિ આપે અને શુભ

થશે તો એને વજન નહિ દે.

મુમુક્ષુ :- શુભ થાય તો સારું એવો અભિપ્રાય છૂટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એવો અભિપ્રાય છૂટી જશે. તેમ અશુભમાં પણ એટલું વજન નહિ દે. એનું વજન એ રહેશે કે મારું મિથ્યાત્વ કેમ ગળે ? મારું અજ્ઞાન કેમ મટે ? એ બાજુ એનું વજન જશે. હવે બીજી શું છે આમાં પરિસ્થિતિ ? કે જેનું શુભ-અશુભ ઉપર વજન જાય છે એનું અજ્ઞાન અને મિથ્યાત્વ ટાળવામાં વજન જાતું નથી. અને અજ્ઞાન અને મિથ્યાત્વ ટાળવા ઉપર વજન જાય છે એ શુભ-અશુભને ગૌણ કરે તો એને કોઈ મોટું નુકસાન થવાનું નથી, એનાથી કોઈ એને મોટું નુકસાન થવાનું નથી. પણ જો અજ્ઞાન અને મિથ્યાત્વ ટાળશે તો આખો સંસાર ટળશે અને એના શુભાશુભ પણ ટળશે. એટલે સાચી પદ્ધતિ એ છે.

આમ લઈએ તો જિનેશ્વરદેવે પણ એ પદ્ધતિથી પોતાનું કામ કર્યું છે અને એ પદ્ધતિથી કામ કરવાનો ઉપદેશ પણ આપ્યો છે તો પછી આપણે વધારે બીજું ડહાપણ શા માટે વાપરવું ? કામ કરવાની રીતી શું છે અને નીતિ શું છે ? બન્ને ચોખ્ખું કરી દીધું છે. નીતિ એટલે Policy. Policy એ છે કે પહેલા મોટા દુશ્મનને મારો. એટલે નાના નાના આપોઆપ ભાગવા માંડશે.

માનો આ એક આપણા દેશનું રાજતંત્ર છે. અને આખુ ફરી ગયું છે અત્યારે એમ સમજોને. એટલી બધી ગડબડ થઈ ગઈ છે કે લોકો એમ વિચારતા થઈ ગયા છે કે આ સુધરે જ નહિ. હવે આમાં કેવી રીતે સુધારવું ? પહેલેથી છેલ્લે સુધી બધી ગડબડ છે. પટ્ટાવાળો પણ ગડબડ કરે છે અને Minister પણ ગડબડ કરે છે અને વચ્ચેના બધા કોઈ ચોખ્ખા માણસ નથી. હવે શું થાય ?

હવે કોઈ સુધારો કરવો હોય તો એની નીતિ શું હોવી જોઈએ ? આપણે અહીંયાં દૃષ્ટાંત લાગુ પડે છે એટલે લઈએ છીએ. બાકી રાજકારણની ચર્ચામાં આપણું પ્રયોજન નથી. પણ રાજતંત્ર હોય કે આપણી Office નું Management હોય કે જેની અંદર ૨૫-૫૦-૧૦૦ માણસ બધા કામ કરતા હોય અને બધા સડી ગયેલા હોય. સુધારવા માટે નીતિ શું હોવી જોઈએ ? સાફસૂફી નીચેથી કરવી કે ઉપરથી કરવી ? કે ઉપરથી કરાય.

કંપનીનો માલિક એના General manager ને પાણીચુ આપી દે કે, You gateout. અને પ્રધાનમંત્રી એના નાયબ પ્રધાનમંત્રીને ઉડાડી મૂકે કે તુ ઘરે બેસી જા. ખુરશી ખાલી કર. એટલે નીચેના બધામાં ફફડાટ થઈ ગયો. એ દસ ટકા એણે કામ કર્યું, નેવું ટકા ફેરફારો ચાલુ થઈ જવાના બધે. કે જો આને ઉડાડ્યો, આપણા બધાનું તો કામ જ નથી આની સામે. એટલે ન થાય એવું કાંઈ નથી પણ કામની પદ્ધતિથી કામ થાય.

મુસલમાનની જેમ લેંઘો ઊંચો પહેરવાથી કોઈ અભિમાનનો નાશ ન થાય. એ લોકો હજ કરી આવે, એને ત્યાં એ જાતનો કાયદો છે. પૈસાવાળા હોય એ હજ કરી શકે. કેમ કે પહેલા તો સ્ટીમરમાં જવું અને એ બધા ખર્ચા કરવા અને એ બધું. અને અત્યારે Plane માં જાય તો પણ ખર્ચો તો લાગે. એ લોકોને એવો કાયદો છે કે દેવું કરીને યાત્રા નહિ કરવાની. તમારા જ પૈસાથી તમારે યાત્રા કરવાની. કોઈકના પૈસા ઉધાર લઈને હજ કરી આવવાનું એવું નહિ કાંઈ. એટલે જે હજ કરી આવે એને બધા હાજીશેઠ જ કહે. કેમ કે પૈસાવાળા છે એટલે શેઠ કહે. હાજી શેઠ ! હાજી શેઠ ! હવે એને ત્યાં એમ બતાવે કે ભાઈ ! જો તમને અભિમાન ચડી જશે. હું પૈસાવાળો અને હું યાત્રા કરી આવ્યો. તો (આ) કહે, શું કરવાનું ? તો કહે, તમારે લેંઘો ઊંચો પહેરવાનો. હવે આમાં કાંઈ મેળ ખરો ?

હવે એ દોષ મટાડવાને માટે કીધું કે તમારે વ્યાજ નહિ ખાવાનું. ભલે તમારી પાસે પૈસા છે પણ તમારે વ્યાજ નહિ ખાવાનું. એટલે અત્યારે શું કરે છે લોકો ? વ્યાજ લેતા નથી. અને પછી લોન લઈને વ્યાજ દેતા નથી. થયુ એનું એ. ટૂકામાં શું છે ? એ દોષ કોઈ

દિ' મટે નહિ. એ રીતી-નીતિ હોય તો દોષ કોઈ દિ' મટે નહિ.

એટલે ભગવાને સમજીને કર્યું છે અને સમજીને કહ્યું છે કે પહેલા તું મોટો દોષ મટાડ. દર્શનમોહ છે, મિથ્યાદર્શન છે એ તારો મોટો દોષ છે, અનંત સંસારમાં રખડાવે છે. એ શ્રદ્ધાનો દોષ (છે).

જ્ઞાનમાં તારા મિથ્યા અભિપ્રાયો, પૂર્વગ્રહ અને પરલક્ષ છે એ તારો મોટો દોષ છે એને મટાડ. ચારિત્રમાં તો તને શુભાશુભ થાય છે એની કાંઈ અત્યારે દરકાર કરવાની જરૂર નથી. જેવો તું મોટો દોષ મટાડવા માટે પ્રયત્નવાન થયો તો તારા રાગ અને દ્વેષ, શુભ અને અશુભ એનો રસ ઠંડો પડી જશે. ઉદાસીનતા આવશે પહેલે પગથિયેથી જ તે. જેવી પરિભ્રમણની વેદના આવી કે ઉદાસીનતા આવી એટલે તારો રાગરસ તો ઠંડો પડી જ જવાનો છે. રાગ-દ્વેષ તો આમ પણ તારા ફીક્કા પડી જવાના છે. એના માટે કોઈ જુદો પ્રયત્ન કરવાની જરૂર નહિ પડે. એ રીતે આખી પદ્ધતિસર વાત છે. એ પદ્ધતિએ ચાલે તો તો વાંધો ન આવે પણ પોતે કલ્પના કરીને ગમે તે રીત નક્કી કરી નાખે કે મારે આમ કરવું જોઈએ.. મારે આમ કરવું જોઈએ.. આમ કરવું જોઈએ... એવો ક્રમ કામમાં ન આવે. જ્ઞાનીના માર્ગે ચાલવું પડે. જ્ઞાનીનો માર્ગ કહો કે જિનમાર્ગ કહો બન્ને એક જ છે, બે માર્ગ નથી.

'કૃપાળુદેવે' જ્ઞાનીનો માર્ગ કહ્યો. એવો શબ્દ વાપર્યો. આમ તો એ જિનમાર્ગ છે. પણ એમાં બહુ મર્મ છે કે શાસ્ત્રમાં ઘણી વાતો છે. એટલે જે પોતાની રીત નક્કી કરે છે એ (એમ કહે છે કે) જુઓ ! ભગવાને કહ્યું એમ હું કહું છું અને એમ હું કરું છું. માટે હું તો જિનમાર્ગે ચાલું છું. ભગવાને આટલો વ્યવહાર કહ્યો છે કે રોજ તું પૂજા કરજે, રોજ તુ દાન દેજે, રોજ તું સ્વાધ્યાય કરજે, 'षट्कर्माणि दिनेदिने, षट्कर्माणि दिनेदिने' આ ષટ્ આવશ્યક છે એ તારે રોજ–પ્રતિદિન કરવાના. જિનેન્દ્રદેવે કહેલો વ્યવહાર છે એ જિનોક્ત વ્યવહાર હું પાળું છું. એટલું 'કૃપાળુદેવે' એમાંથી બીજી વાત કાઢી કે જ્ઞાનીને માર્ગે ચાલ.

મુમુક્ષુ :– ભગવાન તો પરોક્ષ થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ભગવાન પરોક્ષ થઈ ગયા અને ઘણી વાતો છે, તો તું તને ઠીક પડે એ તારી રુચિ પ્રમાણે તું તારી મનમાની કરી લઈશ. જ્યારે જ્ઞાની છે એને મુમુક્ષુની યોગ્યતા-અયોગ્યતાનું માપ આવે છે કે આનામાં યોગ્યતા કેટલી ? અને અયોગ્યતા કેટલી ? પછી આને કઈ લાઈને લઈ જઈએ તો એ રસ્તે ચડી જાય ?

'કૃપાળુદેવે' એક વચન લખ્યું છે કે નિશ્ચયમાં નિશ્ચયની યોજના જ્ઞાનીઓના હૃદયમાં રહી છે. નિશ્ચયમાં એટલે વાસ્તવિકપણે. સત્યમાર્ગ. નિશ્ચય એટલે સત્યમાર્ગ ઉપરની યોજના છે. મુમુક્ષુને કેવી રીતે ત્યાં લઈ જવો એ જ્ઞાનીઓના હૃદયમાં છે. એ પુસ્તકમાં ન મળે. કેમ કે પુસ્તકમાં હજાર વાત છે. એનું Coordination કેવી રીતે કરવું એ તને નહિ આવડે. એ પરિસ્થિતિ છે. શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ મર્મ જ્ઞાનીઓના હૃદયમાં જ રહ્યો છે. 'કૃપાળુદેવે' કેટલી મહત્વની વાતો કરી છે !!

હમણા વાત થઈ એ બધા આગમની વાત કરે છે. જુઓ ! આગમ સાથે મેળવણી કરીએ છીએ, અમે આગમ સાથે... તમે વાત કરશો તો પણ અમે આગમ સાથે મેળવ્યા પછી આગળ ચાલશું એમ કહે. ભાઈ ! આગમમાં માર્ગ કહ્યો છે. મર્મ જ્ઞાનીઓના હૃદયમાં છે. તો શું કરીશ મેળવી મેળવીને ?

જ્ઞાન બે પ્રકારનું છે – એક Theoritical અને એક Practical. શાસ્ત્રમાં Theoritical છે Practical નથી. શાસ્ત્ર તો વ્યાખ્યારૂપ છે. વ્યાખ્યાન છે એ તો. ત્યાં તો Theoritical વાત છે, Practical વાત છે નહિ ત્યાં. Practical તો Practical ની રીતે થાય એમાં એનું કાંઈ લખાણ હોય નહિ, એનું કાંઈ લખાણ થાય નહિ.

રોટલી વણતી વખતે વેલણ કેમ ફેરવવું એનું કાંઈ લખાણ થાય નહિ. સાઈકલ ઉપર બેસતી વખતે Balance કેમ જાળવવું એની કાંઈ વ્યાખ્યા થાય નહિ.

એ તો બંને જગ્યાએ Practice જ કરવી પડે. Practical knowledge practice વગર મળતું નથી. તું આગમ.. આગમ... આગમ.. પકડીને બેસી જા પણ આગમમાં વાત Practical ની છે નહિ. વાત અધુરી છે. અધુરીને તેં પૂરી માની. તારો પત્તો કોઈ દિ' ખાશે નહિ.

એ જે મર્મની વાત છે એ પ્રયોગાત્મક વાત છે. અને જ્ઞાની પ્રયોગે ચડાવે છે. પુસ્તકના કીડા નથી બનાવતા. તું આ ચોપડી વાંચી લે, પછી આ ચોપડી વાંચજે. પછી આ ચોપડી વાંચજે... પછી આ... એમ નહિ. તું પ્રયોગ ઉપર આવ. તને શું થાય છે એ કહે. આમ થવું જોઈએ... તને આમ થવું જોઈએ... તને આમ થવું જોઈએ... કામે લાગ તું. વાંચ.. વાંચ.. વાંચ... કરીને સાંભળ... સાંભળ... કર એ રીતે કાંઈ નહિ, કામે લાગ તું. કામ કેટલું કરીને આવે છે એ તું કહે. કામે લાગીશ તો આગળ ચાલીશ. બાકી વાંચ્યાવાચ કરવાથી કે સાંભળ-સાંભળ કરવાથી કાંઈ પત્તો નહિ ખાય.

એટલે ઉપર ઉપરથી કરવાવાળાની જે શરૂઆતની ભૂમિકા છે એને ઉપર ઉપરથી પણ કરીને અશુભમાં ન જવા દેવા માટે વાત છે. તને અશુભમાં અમારે જવા દેવો નથી. વળી શુભમાં પણ અમે તને રોકાવા નહિ દઈએ એ ધ્યાનમાં રાખજે. અને તારું ઉપર ઉપરથી ચાલવાનું છે ત્યાં પણ તને રોકાવા નહિ દઈએ. આટલી વાત સાથે સાથે છે.

**'તને તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ,...'** તીસરી એટલે શુભ-અશુભથી પાર એવી. શુદ્ધભાવની. મોક્ષમાર્ગની ભૂમિકામાં. **'અમે ઊંચે ઊંચે જવાનું કહીએ છીએ, ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે ?'** 'સમયસાર'માં આ પદ્ધતિથી 'અમૃતચંદ્રાચાર્યે' એક શ્લોક લખેલો છે. પુણ્ય-પાપ અધિકારમાં કોઈએ એવી દલીલ કરી છે કે તમે અમને શુભથી છોડાવો છો તો અમારે અશુભમાં જવું કાંઈ ? તો કહે ના, ના. અમે તને એક ત્રીજી જગ્યાએ લઈ જવા માગીએ છીએ. અમે તને ત્રીજી જગ્યાએ લઈ જવા માગીએ છીએ. અથવા એમ કે મુનિરાજ છે એ અશુભ તો કરતા નથી પણ શુભ અનુષ્ઠાન પણ એને નથી. પૂજા, વિધિ-વિધાન કરાવવા અને એ બધા શુભના પણ એવા કાર્યો નથી કરતા. તો પછી એને શું થતું હશે ? તો કહે છે, એમની તીસરી ભૂમિકા છે. શુભ-અશુભને છોડીને એ શુદ્ધતામાં વિચરે છે. એમની Line આખી જુદી છે. એ શબ્દ ત્યાં પડ્યો છે. તો અમે તને શુભ છોડાવીને કાંઈ નીચે પડવા દેવા માગતા નથી.

એ તો 'ગુરુદેવે' શુભનો નિષેધ ઘણો કરેલો. એટલે પછી એને સાંભળવાવાળા પણ પછી ઘરે આવીને, સમાજમાં બીજે-ત્રીજે ચર્ચા તો કરે જ કે સમાજમાં અશુભ છોડીને શુભ કરવા સિવાય બીજો ઉપદેશ નથી સંપ્રદાયની અંદર. સમાજ એ રસ્તે ચડેલો છે. એટલે પછી જે શુભ કરતા હોય એનું શુભનું બહુ વજન હોય, એની બહુ કિંમત આંકી દીધી હોય. ત્યારે અમારે ઉપવાસ ન કરવા ? અમારે લાડવા ખાવા રોજ ? લાડવા ખાતા-ખાતા મોક્ષે જવાશે ? કે ઉપવાસ કરીને જવાશે ? આવી બધી ચર્ચાઓ ચાલતી હોય. લોકોમાં એ વાત બહાર આવી ગઈ કે 'કાનજીસ્વામી' શુભને નિષેધે છે. એટલે ઘણા માણસો સીધો પ્રશ્ન એમ કરે છે. કે ભાઈ ! જુઓ તમે શુભની ના પાડો છો તો પછી વાત બાકી રહે છે અશુભની. તો શું પછી અમારે અશુભમાં જવું ? તમે શુભ છોડાવવા માગો છો તો અમારે અશુભમાં જવું ?

જો ભાઈ ! તમે આ વાતમાં ઊંડા તો નથી ઉતર્યા. કે નથી ઉતર્યા. તો તમને જેટલી સમજણ પડે છે એટલી સામાન્ય સમજણ કહેનારને નથી એમ માનીને તમે આ દલીલ કરો છો ? આ તો સાવ સામાન્ય સમજણની વાત છે કે શુભ છોડીને અશુભમાં જવાય નહિ. ન જવું જોઈએ. તો એટલી વાત 'કાનજીસ્વામી' જેવા મહાન તત્ત્વજ્ઞાની કહેવાય છે એને એટલી ખબર નહિ પડતી હોય ? એમ માનીને તમે આ વિચારો છો ? ઓઘે ઓઘે એટલી તો તમને ખબર છે કે ઊંચા તત્ત્વજ્ઞાનની એ વાત કરે છે, તો સામાન્ય વાતની સમજણ નથી પડતી

અને કરે છે એવું તો નથીને ? તો જિજ્ઞાસા રાખો. એ કાંઈક કહેવા માગે છે આની પાછળ. કાંઈક બીજી જ વાત કરવા માગે છે. અને એ શું કહેવા માગે છે ? તમને સમજાશે, તો જ તમને વાત સમજાશે. પણ તમે પહેલેથી જ ઉંધી રીતે વાત દલીલ કરવા મંડી જાવ. તો એમને જે કહેવું છે એ તો તમારા ધ્યાન ઉપર જ નહિ આવે. એવી વાત થઈ જશે.

**'અમે તને ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે ! એમ આચાર્યદેવ કહે છે.'** 'સમયસાર'માં વાત છે. એટલે પોતે બોલ્યા છે **'એમ આચાર્યદેવ કહે છે. અમારો કહેવાનો આશય એ છે કે તું તીસરી-શુદ્ધ સ્વભાવની-ભૂમિકા પ્રગટ કર.'** અમારો કહેવાનો આશય એ છે કે તું સરવાળે શુદ્ધ સ્વભાવને પ્રગટ કર. અમારો આશય તો એ છે. જે કંઈ પણ કહેવું છે તેની પાછળ આશય તો આ છે કે તું મોક્ષમાર્ગને પ્રગટ કર. શુદ્ધભાવ કહો, શુદ્ધ ભૂમિકા કહો, મોક્ષમાર્ગ કહો એ આશયથી અમારી વાત છે.

**'શુભ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી.'** સારી Quality નું અનાજ થાય અને Quantity પણ સારી થાય. આ બાજરો છે. મોટો દાણો થાય. મોટું ડુંડું થાય. એ ડુંડામાંથી પાંચસો ગ્રામ કે એક કિલો બાજરાના દાણા નીકળે. એવું વજનદાર થાય ઉપર. ત્યારે એનો રાડું એટલે છોડવો એ મજબૂત હોય. એ સાવ પાતળો હોય તો ઉપર ડુંડું ટકે નહિ. પડી જાય એ તો. એ માટીમાં પડે, ખેતરમાં એટલે એ બગડી જાય. તો બાજરો કાંઈ સારો થાય નહિ. એનું રાડું મજબુત હોય, એનો છોડ મજબુત હોય. એમ (તને) શુદ્ધભાવની ભૂમિકા આવી છે (તો) તારા પુણ્ય પણ ઊંચી જાતના હશે. તારા પુણ્ય પણ ઊંચી જાતના બંધાશે. છતાં પણ એ તારો શુભભાવ છે... શું કહ્યું ? **'શુભભાવ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી.'** એટલે એ શુભભાવનો ભોગવટો કરવો. એનું ફળ ભોગવવું એની અમે ના પાડીએ છીએ.

એવું રાડું થયા વિના ઉપર ડુંડું નહિ હોય. પણ તારે બાજરો ખાવાનો છે મીઠો. મીઠો બાજરો જે છે એ તારે ખાવાનો છે. રાડું ચાવવાનું નથી, એમ છે. એમાં પણ રસ તો મીઠો છે. શેરડી જેવું હોય, હોં ! પાતળી શેરડી હોય ને ? એવું રાડું હોય. શેરડી જેટલી મીઠાશ ન હોય પણ એમાં પણ રસ હોય છે. કેમ કે પાણી તો ત્યાંથી ચડ્યું છે ને ઉપર. મૂળિયામાંથી પાણી ઉપર ચડ્યું એટલે રસ એમાં હોય. પણ એ રસ અને એ રાડું એ તો બળદિયા ચાવે. જેની ખેતી કરનારા બળદિયા હોય એના માટે હોય એ. માણસને ખાવા માટે એ ચીજ નથી. એમ શુભના ફળ તારે ભોગવવાના નથી. એ તો ખડ છે એમ કહે છે. અનાજ સારું થાય ત્યારે સાથે સાથે સારું ખડ થાય પણ ખડ છે એ તિર્યંચ ખાય અને અનાજ છે એ માણસો ખાય.

એમ તું આત્મા છો તો તું તારા આત્માની શાંતિ અને આનંદને ભોગવ. તું શુભના ફળને ભોગવવા જઈશ તો અશુભ થશે. શુભના ફળને ભોગવવા જઈશ તો એ તો તને અશુભ થશે અને એમાં પાછી આકુળતા તને થશે. શુભમાં પણ આકુળતા થશે અને અશુભમાં પણ આકુળતા થશે. અમે તો તને આત્માની પરમશાંતિ બાજુ લઈ જવા માગીએ છીએ. તીસરી ભૂમિકા એટલે પરમઆનંદમાં લઈ જવા માગીએ છીએ. એ સ્વભાવ નથી એમ કરીને તારે ભોગવવા યોગ્ય નથી, એમ કહેવું છે.

**'શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર.'** એ 'સમયસાર'ના 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં આવી બધી વાતો આવે છે. આત્માનો જે આનંદ છે એ આનંદને અમૃત કહ્યું છે. ભગવાને એને આનંદને અમૃત કહ્યું છે. એ અમૃત જે પીએ છે એ મરતો નથી. આત્માના આનંદઅમૃતને જે પીએ છે એ પછી કદી મરતો નથી. કેમ કે એણે અમૃત પીધું. અમૃત પીવાવાળો ન મરે. એ તો અમર થઈ જાય. એટલે એના જન્મ-મરણ નાશ પામી જાય છે, ખતમ થઈ જાય છે જન્મ-મરણ એના.

હવે જે શુભ અને અશુભ છે તે એની બરાબરીમાં આકુળતા છે અથવા વિરુદ્ધ સ્વભાવી છે. આનંદ નિરાકુળ સ્વભાવી છે અને શુભ-અશુભમાં આકુળતા છે. જો આનંદને અમૃત કહીએ (તો આકુળતાને ઝેર કહીએ). (કોઈ એમ કહે), ઝેર કહો છો ? તમે એને ઝેર કહો છો ? અમે જેને ધર્મ માનીએ એને તમે ઝેર કહો છો ? એ સહન ન કરી શકે. છોકરાને પાકી લીંબોળી ભાવે. કાચી લીંબોળી કડવી લાગે. એના હાથમાંથી તમે લીંબોળી લઈ લ્યો એટલે રોવા માંડે. પણ એ લીંબોળી લઈને તને કેરી આપીએ છીએ પાછી. લીંબોળી લઈ લીધા પછી કેરી આપીએ છીએ. પણ કેરી આપીએ છીએ એ જોતો નથી એટલે લીંબોળી કેમ લઈ લ્યો છો એનું તોફાન કરે, કજીયો કરે. આ એવી વાત થઈ પડી છે સંપ્રદાયમાં. કે તમે અમને શુભ છોડાવો છો. પણ ભાઈ ! શુભ છોડાવીને તને આનંદ અમૃતમાં લઈ જવાની વાત છે. શુભ છોડાવો છો એમ કરીને રાડું પાડીને તકરાર ક્યાં કરે છે ? વાત તો એવી છે જરા.

'ગુરુદેવ' બહુ કડક ભાષા બોલતા હતા. એમને ખબર છે કે પોતે તીર્થંકર દ્રવ્ય છે. આ ભવમાં નહિ પણ હવે પછીના ભવથી એ તીર્થંકર પ્રકૃતિનો અનુબંધ એમના શુભભાવોથી ચાલુ થવાનો છે. તો અહીંયાં શું કહે છે ખબર છે ? જે ભાવે તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય તે ઝેર છે. સીધું જ એમ કહે. ખબર છે પોતાની પોતાને તો પણ. કે જે ભાવથી તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય તે ઝેર છે. ઝેરના ઝાડમાં ઝેરી ફળ ઊગે. ઝેરના ઝાડ વાવવાના ન હોય, એમ કહે. બહુ કડક બોલતા. એટલો એમનો શુદ્ધાત્માનો ઉપદેશ એ જાતનો હતો. એ એવી રીતે બોલતા હતા. ન સમજે એ પછી આડુઅવળુ કરી નાખે એ એનો દોષ છે. પોતે તો બહુ સારી લાઈન ઉપર વાતને લઈ ગયેલા.

**'શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ...'** કેમ કે બંને સંસારનું કારણ છે. શુભભાવના ફળમાં પણ સંસાર છે અને અશુભભાવના ફળમાં પણ સંસાર જ છે. એટલે એ **'સરખી કોટિના છે એમ તું સમજ. અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર.'** જે શુદ્ધ સ્વરૂપ છે એના આશ્રયે શુદ્ધ પરિણામ છે એમાં આનંદ અને સુખ, શાંતિ છે. એને તું ગ્રહણ કર.

**'માટે ઊંચે જવાનું કહીએ છીએ, પણ તેથી તને ઉપર-ઉપરથી ભાવના આવે તે છોડી દેવાનું નથી કહેતા.'** ભલે ઉપરની ભાવના હોય. ઊંડાણમાં જવાના લક્ષે ચાલુ રાખજે. અમે તેને છોડીને ક્યાંય પાપમાં લઈ જવા માગતા નથી. **'જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધ સ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર. ન જઈ શકે તેને છોડીને અશુભમાં જવાનું કહેતા નથી. ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી એમ કરીને છોડવાની નથી,...'** કામની નથી એ વાત સાચી છે. પણ કામની નથી એમ કરીને છોડીને અશુભમાં જવું એમ નથી. **'પણ તું ઊંચી પરિણતિને પ્રગટ કર એમ કહેવાનો આશય છે.'** એટલે આશય તો એક જ છે. ભૂમિકા અનુસાર ઉપદેશ છે.

કોઈ માંસ વગેરે અભક્ષ્ય આહાર લેતા હોય તો એને કહે કે ભાઈ ! આ શાકભાજીમાં બધું જ છે. પણ શાકભાજી ખાતા હોય એને એમ કહે કે કંદમૂળ ન ખાવા. એમ જુદી જુદી ભૂમિકામાં જુદો જુદો ઉપદેશ છે. સરવાળે એને આત્મામાં લઈ જવો છે. આશય એ છે. પણ વાત તો ભૂમિકા અનુસાર જો ન કરો અને બીજી કરો તો એને કાંઈ લાગુ પડે નહિ. લાગુ પડે નહિ તો એથી કાંઈ એને ફાયદો થાય નહિ.

આપણે જ લ્યો ને ! સત્સંગમાં ન આવતા હોય એને એમ કહીએ, ભાઈ ! સત્સંગ તો છોડવો નહિ તમારે. સત્સંગમાં તો આવવું જોઈએ, સત્સંગ મૂકી ન દેવાય. પણ રોજ સત્સંગમાં આવતા જ હોય એને શું કહે ? ભાઈ ! તમે સત્સંગમાં આવો એ તો કોઈ કામ થઈ ગયું એમ નહિ. તમે પ્રયત્ન કરો, તમે પ્રયોગ કરો, તમે આગળ ચાલો. એનો અર્થ એમ નથી કે સત્સંગ મૂકાવી દેવાની વાત છે. જે ભૂમિકામાં હોય એ

ભૂમિકામાંથી જ્ઞાનીઓ ઉપર-ઉપર ઉપાડે છે, એને ઉપર ઉઠાવે છે. તું આથી આગળ ચાલ, હજી આગળ ચાલ. છેક પૂર્ણતા સુધી લઈ જવાની વાત છે.

**'ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો, ભગવાનનાં દ્વાર ખૂલી જશે. તું ટહેલ મારવી છોડતો નહિ.'** ટહેલ મેં સમજતે હો ? પ્રયાસ કે વિષયમેં ટહેલ કો ક્યાં બોલતે હૈં હમારે યહાં ? તમને તો ખબર હશે. ગામડાની અંદર અમારે ત્યાં ટહેલ મારવાવાળા આવતા. પરોઢિયે ચાર વાગે, પાંચ વાગે કલાક, દોઢ કલાક, બે કલાક લોકો જાગી ન જાય ત્યાં સુધી એ ભજન ગાય. બે-ત્રણ મહિના સુધી રોજ પરોઢિયે નીકળે. લોકો તો સૂઈ ગયા હોય. લોકોની સાથે એનો કોઈ સંપર્ક જ ન થાય. એ ભજન સંભળાવે. જુદા જુદા લત્તામાં ફરી અને ભજન સંભળાવે. અવાજ મોટો હોય એટલે માણસ સૂતા હોય અને જો સહેજ ઓછી નિંદર હોય તો એને ભગવાનના ભજન સંભળાય. એ બે-ત્રણ મહિના ભજન સંભળાવ્યા પછી એને એ ગામ છોડવું હોય ત્યારે એ બધા ઘરે આંટો મારે. બે-ત્રણ મહિનાથી હું ટહેલ મારું છું તમારા ગામમાં, તમારે જે શ્રદ્ધા હોય અને જે તમારા ભાવ આવે એ મને કાંઈક આપો. એટલે કોઈ પૈસા આપે, કોઈ કપડા આપે, કોઈ અનાજ આપે એ લઈને માણસ ચાલ્યો જાય. ટહેલ મારવાવાળા આમ બીજો કોઈ જોર-જુલ્મ ન કરે. તેમ રોજ માથુ ખરાબ ન કરે. એ ત્રણ મહિના સુધી ટહેલ માર્યા કરે અને પછી એક દિવસ આવી અને એમ કહે કે ભાઈ ! તમારી જે શક્તિ હોય, જે તમારી શ્રદ્ધા હોય જે તમને ભાવ આવે એ આપો. ન આપે તો કાંઈ પરાણે માગે પણ નહિ. બીજા ઘરે જાય, ત્રીજા ઘરે જાય એમ કરીને એ તો બધાના ઘરે જવાનું હોય એટલે એને વાંધો નહિ. અને એવું કાંઈકને કાંઈક તો મળી જ રહે. બધા તો એકસરખા હોય નહિ. કોઈ ઓછુ આપે, કોઈ ન આપે, કોઈ વધારે આપે એમ કરીને જે એના નસીબમાં હોય એ લઈને ચાલ્યો જાય. ટહેલ મારવાવાળો માણસ કંટાળતો નથી.

એમાં View point શું છે 'બહેનશ્રી'નો ? કે ત્રણ-ત્રણ મહિના સુધી એ એક પૈસો કોઈનો લેતો નથી. કોઈની પાસે ચપટી લોટ માગતો નથી. બ્રાહ્મણ એવા જ હોય છે લોકો, સાધુ હોય છે. એ થાકતો નથી. ધીરજથી રોજ ટહેલ મારે છે. ટહેલ મારવી એટલે આટા મારવા. ફરતો-ફરતો મારે.

ત્યારે એમ કહે છે કે તું **'ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ માર...'** હવે પેલું ભગવાનનું મંદિર નહિ. આ જે બહાર આપણે ચણીએ છીએ એ નહિ. અંદર તારા હૃદયમાં પરમાત્મા બિરાજે છે એ હૃદયમંદિરમાં તું ટહેલ માર ફરતો. અને ટહેલ મારવામાં તું ભજન એવું ગાજે કે ભગવાન તમારો દરવાજો ખોલો તો દર્શન તો થાય મને. એટલે ભગવાનના દરવાજે તું આટા માર્યા જ કરજે, આંટા માર્યા જ કરજે, થાકતો નહિ તું, એમ કહે છે.

**'ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનના દ્વાર ન ખૂલે...'** અને ભગવાનના દર્શન ન થાય તો **'થાકીને પાછો નહિ આવતો,...'** એક દિવસ **'ભગવાનના દ્વાર ખૂલી જશે.'** એમ કહે છે. એ એમની પોતાની Policy હતી. આ દૃષ્ટાંતમાં એ Particular એમની આ મૌલિકતા છે આ વાત ઉપર. કે તમે મુમુક્ષુની ભૂમિકામાં શું કરતા હતા ? તમને જ્યાં સુધી તમારા ભગવાન આત્માના દર્શન ન થયા ? તો કહે હું તો ટહેલ મારતો હતો. નક્કી કર્યું હતું કે ભગવાનના દર્શન કર્યા વગર એના બારણા, દરવાજા ખૂલે નહિ ત્યાં સુધી મારે તો ટહેલ મારવાની ચાલુ રાખવી છે. મારે થાકીને પાછું ઘરે ચાલ્યું જાવું નથી. હવે બહુ દિવસો આવી રીતે રાહ જોઈ, ભગવાન કાંઈ દર્શન દેતા નથી હવે ચાલો પાછા ઘરે. નહિ. ટહેલ મારવાનું છોડવું નથી. જ્યાં સુધી દરવાજો ન ખૂલે ત્યાં સુધી ટહેલ મારવાનું ચાલુ રાખવું છે. અને મને વિશ્વાસ છે અને શ્રદ્ધા છે કે એક દિ' આ દરવાજા ખૂલી જશે. આ વાત એમણે એકાદ વખત કરેલી પછી લોકો ફરી ફરીને કહેવડાવતા

કે ટહેલની વાત કરોને કે તમે કેવી રીતે ટહેલ મારતા હતા ? એ પોતે પોતાની મૌલિક પદ્ધતિથી વાત કરતા હતા.

**'તું ટહેલ મારવી છોડતો નહિ. તેમ ચૈતન્યમંદિરે તું ટહેલ માર...'** તારા ચૈતન્યમંદિરની ટહેલ માર **'કે હું ચૈતન્ય છું. પ્રથમ ઉપર-ઉપરથી તને સમજાય તો છોડતો નહિ.'** ભલે તને ઉપર-ઉપરથી સમજાય પણ છોડતો નહિ. **'તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે,...'** ઓળખવાની વાત લીધી છે. આ વાત ઘણા નથી સમજતા એ રટણ ઉપર ચડી જાય છે. કે જુઓ ! 'બહેનશ્રી' કહે છે કે તું ટહેલ માર્યા કર. તો હું ચૈતન્ય છું, હું ભગવાન છું... હું ભગવાન છું... હું ભગવાન છું... હું ભગવાન છું... કરતા એક દિ' ભગવાનનો દરવાજો ખૂલી જશે. એમ નહિ. તને ન ઓળખાય ત્યાં સુધી ટહેલ માર્યા જ કરજે. ઓળખવાના પ્રયત્નમાં તું આગળ વધજે એમ કહે છે. અને એ પ્રયત્નમાં તું થાકીશ નહિ. ઓળખાય એ રીતે તું પ્રયત્ન કરજે અને ન ઓળખાય ત્યાં સુધી તું તારો પ્રયત્ન ચાલુ રાખજે, એમ કહેવું છે. હવે એક શબ્દ વચ્ચે એવો મૂક્યો હોય એના ઉપર ધ્યાન ન જાય.

મુમુક્ષુ :– સત્પુરુષ પે ધ્યાન નહીં જાયે.

પૂજ્ય ભાઈશ્રી :– જો કહેના ચાહતે હૈં, ક્યા હૈ કંઈ લોગને ક્યા કર લિયા હૈ હમારે યહાં. 'ગુરુદેવ'ને બહુત જોર સે કુછ આત્મભાવના કી બાત કિ હૈ કિ તુમ ભગવાન હો. તુમ ભગવાન હો પહલે નિશ્ચય કરો. ઔર તુમ ભગવાન હી હો, તુમ પરમાત્મા હી હો યહ બાત તુમકો છોડના નહિ હૈ. કુછ લોગ ક્યા કરતે હૈં કિ રટી રટાઈ બાત પર ચલે જાતે હૈં. ઉસકે રટણ મેં લગ જાતે હૈ ઔર પહચાન કી પદ્ધતિ કો અનુસરણ નહિ કરતે.

મુમુક્ષુ :– મનથી નિશ્ચય કરે કે હું ભગવાન છું.

પૂજ્ય ભાઈશ્રી :– એમણે એવું જ કહ્યું છે તું નિશ્ચય કર કે હું ભગવાન છું. તું પહેલા નિશ્ચય કર કે હું ભગવાન છું. બહુ જોરથી એમના High tone માં એમણે આ બધી વાતો કરેલી છે અને એની ટેપ પણ અત્યારે છે. એ લોકો સાંભળે છે, રોજ સાંભળે છે. જે એ રટણ ઉપર ચડી ગયો હોય ને એ રોજ ટેપ મૂકે પાછા ધરે.

અહીં નિશ્ચય કર એનો અર્થ કે તું ઓળખાણ કર એમ છે. નિશ્ચય કરવો એટલે ઓળખાણ કરવી. અને એમના ઉપર એમનું મોટું વ્યાખ્યાન છે ૧૪૪ ગાથાનું. એ નિશ્ચય એટલે રટણ કરવું એમ સમજી લે. પછી પોતે રટ્યા કરે. આવી રીતે સત્સંગ વગર, જેમ સત્સંગ વગર ધ્યાન તરંગરૂપ થઈ પડે છે એમ સત્સંગ વગર જ્ઞાન કલ્પનારૂપ થઈ પડે છે. જ્ઞાન અને ધ્યાન બે સાધન છેને ? તો કોઈ સત્સંગ વગર સીધું ધ્યાન કરે છે એ તરંગે ચડી જાય છે. કંઈક જાતના અંદર તરંગ ઊઠે ને ! એને એમ થાય આહા...! કાંઈક થાય છે... કાંઈક થાય છે... કાંઈક થાય છે... મને કાંઈક થાય છે.

આવ્યા હતા અહીંયાં, 'આગ્રા'માં પેલા માજી છે ને ? ગાડી લઈને આપણને Receive કરવા આવે છે, ત્યાં 'મથુરા'. એ માજી આવ્યા હતા. આપસે કુછ બાત કરની હૈ. મુઝે યે સબ પરમાત્મા કી બાત સુનકર કે કભી કભી મેરે હાથપગ સુન પડ જાતે હૈં. મેરે કો ક્યા સમજના ? મૈંને કહા, વહ તો શરીર કી અવસ્થા હૈ, આત્મા કી નહિ હૈ એસા સમજના. એને શું થાય કે મને અનુભવ થઈ ગયો. મારા હાથ-પગ ખાલી ખાલી લાગે છે એટલે દેહથી મારો આત્મા જુદો પડી ગયો અને હું સ્વાનુભવમાં આવી ગઈ. આવી બધી કલ્પનાએ ચડી જાય છે.

સત્સંગ વગરનું આ બધું... એ શું કરે કે પોતે ધ્યાનમાં બેસતા હોય. હું ક્યારેક ક્યારેક એવી રીતે ધ્યાનમાં બેસુને ત્યારે મારા હાથ-પગ સૂન પડી જાય છે. તો મારે શું સમજવું ? તમને શંકા શું કરવા પડી ? જો તમને અનુભવ થયો હોય તો આ શંકા, આ પ્રશ્ન ઊઠે નહિ પહેલા તો. પણ શું થાય છે એ ખબર નથી અને ઊંડે ઊંડે માન્યું છે કે આ મને અનુભવ થાય

છે. એ બધી શરીરની અવસ્થા છે. એવું બધું કંઈક થાય તો આપણે એના ઉપર કાંઈ વજન નહિ દેવાનું. મેરે કો ક્યા કરના ? દેખો ! યે લાઈન તો બતા રહે હૈ. રોજ પ્રવચન મેં આતા હૈ કિ મુમુક્ષુ કો ઇસ ક્રમ સે આગે બઢના હૈ. સો કોઈ કી બાત હૈ. ફીર પૂછને કી કહાં બાત રહતી હૈ ? આપ કા ધ્યાન નહિ ગયા ક્યા ? અગર નહિ ગયા તો ફિર સે શુરૂ કરો. તો કહે, ઠીક.. ઠીક... એવી રીતે સત્સંગ વગર કંઈક જાતના તરંગ ઊઠે એ ધ્યાનમાં અને માની લે કે મને આત્માનું ધ્યાન થાય છે.

એવી જ રીતે સત્સંગ વગર પોતાની મેળે પુસ્તકો વાંચે અને એને થાય કે હું સમજું છું અને મને જ્ઞાન થયું છે. પણ એ જ્ઞાન નથી, કલ્પના હોય છે. કલ્પનાએ ચડીને કલ્પનાને દૃઢ કરે અને એ કલ્પના કોઈ છોડાવવા આવે તો પછી એ છોડી શકે નહિ. મુશ્કેલી આ ઊભી થાય. એ કલ્પનાને છોડી જ ન શકે.

મુમુક્ષુ :- ખરેખર અનુભવ થાય એ અનુભવ તો જ્ઞાની પાસે સર્ટીફાઈડ કરવામાં ત્યારે જ થાય કે પોતાને અંદરથી નક્કી થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાને નક્કી થઈ જાય. 'સમયાસર'ની ૨૦૬ ગાથામાં એમ કહ્યું છે કે તું આત્મામાં સંતુષ્ટ થા. એ સત્ય કલ્યાણ છે. તું આત્માનો અનુભવ કર એટલો જ સત્ય અનુભવનો વિષય છે અને તું આત્મામાં સંતુષ્ટ થા, તને તૃપ્તિ થશે. તને પછી વચનાતિત આનંદનો અનુભવ થશે. કોઈને પુછીશ નહિ. 'मा अन्यान् प्राक्षी' એટલો સંસ્કૃત શબ્દ પડ્યો છે. એનો અર્થ કે તારે પૂછવું નહિ પડે. તને આત્માનો અનુભવ થશે તો તને પૂછવું નહિ પડે. એનું કારણ છે કે એ એક સ્વાદ જેવો વિષય છે. તમે કોઈ દિવસ સાકર નથી ખાધી, માનો. તર્ક છે આ. હવે સાકર ગળી લાગે એટલે કેવી ગળી લાગે એ તમને ખબર નથી. તમને સાકરનો ગાંગડો આપ્યો. તમે સાકરનો સ્વાદ લ્યો છો ચાવીને. તો સાકર કેવી ગળી હોય ? એ પૂછવાનો ક્યાં પ્રશ્ન ઊભો થાય છે ? તમને અનુભવ આવે છે સાકર જે તમે ચાવો છો એનો. તો સાકર ગળી છે એ કેવી ગળી લાગે એ મને કોઈ સમજાવો એ વાત સાકરનો સ્વાદ લેનારને રહેતી નથી. પણ આ વિષયમાં જે ભ્રમ થાય છે એ ભ્રમને પોતે Check કરવો હોય તો આગળ-પાછળની ભૂમિકા પોતે સમજી લેવી જોઈએ કે કઈ ભૂમિકામાં અનુભવ થાય છે ? અને અનુભવ થયા પછી કેવી ભૂમિકા ચાલતી હોય છે ? પરિણામની ભૂમિકા કેવી હોય છે ?

જેને ભ્રમ થાય છે અને અનુભવ નથી થતો એને આગલી ભૂમિકામાં ભેદજ્ઞાન હોતું નથી. કેમ કે ભેદજ્ઞાન દ્વારા વિભાવ જાતિની પરખ હોય છે અને ત્યારે એ આત્માને જ્ઞાનથી ભિન્ન જુદો પાડે છે. હવે જે માનસિક શાંતિ છે એ તો વિભાવ છે, એને જો એ આત્માની શાંતિ માને તો એને એની પરખ નથી આવી, એણે વિભાવને ઓળખ્યો જ નથી. ઓળખે તો એ માનસિક શાંતિનો વેશ લઈને આવે તોપણ પકડી પાડે કે તું વિભાવ છો. એનો નિષેધ થાય. એનાથી જુદો પડીને અંતરમાં અનુભવ કરે. અને પેલો એને પકડે કે મને અનુભવ થઈ ગયો એ શાંતિને પકડે. એમ ફરક પડે છે. એટલે પરખ ન હોય એને અને ભેદજ્ઞાનની પ્રક્રિયા ન હોય. અને એ પોતે જ્ઞાન-ધ્યાન કરે એમાં માની લે કે મને ક્યાંક અનુભવ થઈ ગયો. એ કલ્પના હોય છે.

મુમુક્ષુ :- જે માનસિક શાંતિનો વેશ છે એની પરખ કેવી રીતે થાય કે આ માનસીક શાંતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા એની પરખ શું છે કે એમાં પણ આકુળતા છે. જે ભેદજ્ઞાનનો પ્રયોગ કરે છે એ વિભાવ અને સ્વભાવને પરખવામાં નિપૂણ થઈ જાય છે-Expert થઈ જાય છે. કેમ કે એ પહેલા પોતાના ભાવોનું અવલોકન ચાલે છે. એટલે એને ભાવોનો પરિચય અનુભવથી થાય છે. અનુભવથી પરિચય થાય એટલે એને પરખ આવે છે. પરખ આવે છે એટલે પકડી પાડે છે. એ છેતરાતો નથી. એમ છે. નહિતર ભૂલા પડી જાય એવો વિષય છે ખરો અને કંઈક ભૂલા

પડી ગયા. આમાં કાંઈક ભૂલા પડેલા છે.

બીજું, કે અનુભવ થાય એને ખ્યાલ આવે કે આ તો વાત કાંઈ બહાર મૂકવા જેવી નથી. ત્યારે જેને ન થયો હોય એ કીધા વગર રહે નહિ. એ બધાને કહે કહે કર્યા કરે. ફેર આ થાય છે. એને કહેવાનું મન થયા કરે.

મુમુક્ષુ :– પેલો એને માણતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :– પેલો માણે. જાણે અને માણે. 'નિયમસાર'માં એક એવી ગાથા છે કે તું પરદેશ જઈ અને સંપત્તિ કમાવીને લાવ તારા દેશમાં તો દેખાડો ન કરતો. એકાંતમાં એને ભોગવજે. દેખાડો કરીશ તો લૂટાઈ જઈશ તું. કેમ કે લોકો માગવા આવશે. તારા સગાવ્હાલા કહેશે કે ભાઈ ! અમારે જરા તકલીફ છે લોન આપો. ઉછીના આપો. વ્યાજે આપો. પેલા ધર્મવાળા આવશે કે ફંડ-ફાળો આપો. તારી સંપત્તિ લુટાવા માંડશે. ભાળશે તો લોકો માંગશે. એટલે તું દેખાડતો નહિ. છાનોમાનો ખાજે. તારો ગોળ તું પોતે જ ખાજે ઘરે બેઠો બેઠો. ગામને દેખાડવા જેવી ચીજ નથી. એવી વાત છે.'નિયમસાર'માં એ બહુ સરસ ગાથા છે.

એમ વર્તમાનમાં શું છે ? ધર્મ દ્રારિદ્રય છે. તમે આદિવાસીઓની વચ્ચે હીરાના અને નિલમના હાર પહેરીને જાવ એટલે પેલા લોકો લૂંટી જ લે તમને, બીજું કાંઈ ન થાય. આદિવાસીઓ શું કરે ? માર મારીને લૂંટી લેશે તમને. એમ ધર્મ દ્રારિદ્રયની વચ્ચે તમે એમ કહો કે મને જ્ઞાન થયું છે, મને આત્મજ્ઞાન થયું, મને આત્માનો આનંદ આવ્યો છે. મરાઈ ગયો તું તો. પૂછવા આવે એને એમ કહે કે ભાઈ ! તમારે શું કામ છે એનું ? તમને સમજોને, જે વાત કહીએ છીએ એ તમે સમજો. પછી તમારી પોતાની પરખ આવે તે દિ' નક્કી કરજો. પૂછીને શું કરવા નક્કી કરો છો ? એને એમ જ કહેવું પડે. તમારી પોતાની જ્યારે પરખની શક્તિ આવે, એવી યોગ્યતા આવે ત્યારે તો કાંઈ તમને કહેવું નહિ પડે. એ વાત તમને સમજાવવી નહિ પડે અને અત્યારે કહેવાથી કોઈ ફાયદો નથી, ઉલટાનું નુકસાન છે, કહેનારને તો નુકસાન છે. એટલે એ વાતની સમજણ હોય તો તો વાંધો ન આવે. નહિતર ગડબડ થયા વગર રહે જ નહિ. આ કોઈ ફજેતો કરવાની ચીજ તો નથી.

શું કહે છે ? **'તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધીં ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે કે મારે હજુ ઘણું આગળ જવાનું છે.'** એમ પહેલેથી લક્ષ રાખજે. **'તારો પુરુષાર્થ ઊપડતાં ચૈતન્યમંદિર ખૂલવાનો તને અવકાશ છે.'** જે દિ' તારો પુરુષાર્થ ઊપડશે તારા દરવાજા, અંદરના કમાડ ખૂલી જશે. એમ તું આશાવાદી રહીને પ્રયત્ન કરજે એમ કહેવું છે. નિરાશ થઈને નહિ. આમ લાઇન છોડીને નહિ જતો.

**'દૂર જઈશ તો ઊલટો તું આઘો જઈશ.'** સત્સંગ છોડ્યો, તેં ટહેલ મારવાની છોડી, પછી ક્યાં ચાલ્યો જઈશ અને તારા પરિણામ ક્યાં જશે (એનું) કાંઈ ઠેકાણું નહિ રહે. અમુક વાત તો 'બહેનશ્રી'ની ચર્ચાઓમાં બહુ સારી આવી છે. ચર્ચાઓ બહુ સારી ચાલતી. આપતા, ૨૦-૨૫ મિનિટ આપતા, વધુમાં વધુ અડધો કલાક પણ ચર્ચાઓ બહુ જ સારી ચાલતી. પછી કોઈ જિજ્ઞાસુ આવે અને થોડું લંબાઈ જાય તો લંબાઈ પણ જાતું. પણ સામાન્ય રીતે Normally ૨૫ મિનિટ આસપાસનો ટાઈમ આપતા હતા. ચર્ચા સારી ચાલતી.

**'દૂર જઈશ તો ઊલટો તું આઘો જઈશ. દૃષ્ટિ બરાબર રાખજે...'** દૃષ્ટિ એટલે દૃષ્ટિકોણ. **'કે હજી મારે અંદર જવાનું છે.'** નહિતર બધા ઉપર-ઉપરવાળા એમ જ પકડે કે આપણે ઉપર-ઉપરથી ચાલવાનું કીધું છે માટે ઉપર-ઉપર ચાલ્યા કરો. ગમે ત્યારે અંદર ચાલ્યું જવાશે. એમ નથી. અંદર જવાનો દૃષ્ટિકોણ તો પહેલેથી હોવો જોઈએ. તો જ એ આગળ ચાલે નહિતર ન આગળ ચાલે. આગળ થોડી વાત કરી છે. અહીં સુધી રાખીએ.

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૦ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૨૯-૦૭-૧૯૯૧

**''...શક્તિકી નિરંતર પકડ અથવા એકતાસે અથવા 'શક્તિમયી હી હૂં' ઇસ અનુભવસે વૃત્તિયોંકા સહજ ફેરફારકા પ્રત્યક્ષ સમાધાન હોતા હૈ;...''** પોતે જ્ઞાની છે એટલે 'શક્તિમયી હી હૂં' એવાં અનુભવથી, 'શક્તિમયી જ છું' એવાં અનુભવથી વૃત્તિઓના સહજ ફેરફારોનું પ્રત્યક્ષ સમાધાન થઈ જાય છે. એટલે મને કાંઈ અસમાધાન નથી, એમ લખે છે. હું ત્યાં આવી શકતો નથી, ગુરુદેવના દર્શન મને મળતાં નથી, વર્ષો વીતી ગયા છે (એ) બધી વાત સાચી છે પણ મને અસમાધાન નથી. એવો પુણ્યયોગ નથી અને ગુરુદેવના - ઉપકારીના દર્શન થતાં નથી એટલે ખેદ પણ થાય છે પણ અસમાધાનથી ખેદ નથી થતો. (ક્યાંય) અસમાધાન નથી. ખેદ છે એનું પણ સમાધાન છે અને ખેદ નથી એનું પણ સમાધાન છે. બધુંય સમાધાન છે. બધી વૃત્તિઓનું સમાધાન છે.

**''...પ્રત્યક્ષ સમાધાન હોતા હૈ; વ ગુરુદેવકી વાણીકા સાક્ષાત્ અર્થ સમજમેં આતા હૈ,..''** અને એ અંતર સમાધાનપૂર્વક – અંતર અનુભવપૂર્વક ગુરુદેવની વાણીનો સાક્ષાત્ અર્થ હવે સમજાય છે. જે ગુરુદેવની વાણીમાં ઊંડાણ રહ્યું છે એ ઊંડાણ હવે મારો અનુભવ થતાં મને સમજાય છે કે, **''હે ગુરુદેવ ! આપ કિતની પહોલાઈ તક પ્રસર ચુકે હો, પહોલાઈ ભી હૈ સાથ હી ઠોસપના ભી !''** (૧૭ નંબરના પત્રમાં) બન્ને વાત લીધી છે.

**''...વ ગુરુદેવકી વાણીકા સાક્ષાત્ અર્થ સમજમેં આતા હૈ, જિસકા ફલ વૃદ્ધિગત હોતે હુએ સુખકી પૂર્ણતા હૈ.''** અને આ સમાધાન, આ ગુરુદેવની વાણીની સમજણનું ફળ. આ જ્ઞાનનું ફળ શું આવવાનું છે ? કે મારા પરિણામમાં સુખ વૃદ્ધિગત થતું રહેશે અને પૂરું સુખ પ્રગટ થઈ જશે. મને અનંત સુખની પ્રાપ્તિ થઈ જશે.

**''અશુભમેં સહજ ખેદ,...''** (અર્થાત્) આ ગુરુદેવના



દર્શન થતાં નથી અથવા અશુભ અંશ પણ પરિણામમાં થાય છે. **''અશુભમેં સહજ ખેદ, શુભમેં કુછ ઉત્સાહ, સહજ હી હોતા હૈ;...''** એટલે શું છે કે, આત્માનું ચિંતવન વગેરે સહેજે ચાલતું હશે (એમાં) ઉત્સાહ સહેજે થાય છે. **''પર ઇન દોનોંમેં અથવા શુદ્ધતામેં ભી ફેરફાર કરનેસે કોઈ પ્રયોજન નહીં;...''** વૃત્તિનો ફેરફાર કરવાનો પ્રશ્ન નથી. પર્યાયમાં કોઈ ફેરફાર કરવાનો પ્રશ્ન નથી. ન તો એ અશુભમાં કે શુભમાં કે શુદ્ધતામાં ફેરફાર કરનેસે કોઈ પ્રયોજન નહીં હૈ. **''...'માત્ર પિંડ હું', 'વૃત્તિ નહીં,...''** આમ (વાત) છે.

મુમુક્ષુ :- અશુભભાવ થાય તેમાં ખેદ થાય પણ ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં,..નહીં,..નહીં... તો અસમાધાન થઈ જાય. ફેરફાર કરવાની વાત આવે તો અસમાધાન થઈ જાય. એવું છે. પોતાના પરિણામઅંશમાં ફેરફાર કરવાની બુદ્ધિ નહિ તો સંયોગમાં (ફેરફાર કરવાનું) ક્યાંથી જોર આવવાનું હતું ? એ તો સમજે છે કે એ તો કુદરતી વસ્તુ છે. પરમાણુએ પરમાણુ કુદરતી વસ્તુ છે અને સમયે સમયે એક-એક પરમાણુ એના ગુણધર્મ પ્રમાણે પરિણમ્યા જ જાય છે. ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈનો એમાં ઘાલમેલ કરવાનો અધિકાર નથી (અને) મારો પણ નથી. એટલે એ તો Side જ બંધ કરી દો. સંયોગોમાં ફેરફાર કરવો છે એ વાત જ છોડી દો. હવે વાત રહી પોતાના પરિણામની અને સુખ-દુઃખ ત્યાં થાય છે. તો કહે છે કે, એમાં પણ ફેરફાર કરતો નથી. કેમ ? કેમકે ફેરફાર કરી શકવાનો મારો ત્યાં પણ અધિકાર નથી. હું ત્રિકાળી અક્રિય છું, નિષ્ક્રિય છું, સક્રિયમાં ફેરફાર કરવાનો નિષ્ક્રિયને અધિકાર નથી.

સીધું એમ લઈ લે છે.

મુમુક્ષુ :- શુદ્ધતામાં ફેરફાર કરવો એ પુરુષાર્થ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પુરુષાર્થ આ રીતે સમ્યક્ છે. શુદ્ધતામાં ફેરફાર કરવાની વૃત્તિ એનું નામ પુરુષાર્થ નથી. એ પુરુષાર્થનું સ્વરૂપ પણ નથી. એ તો પર્યાયનું કર્તૃત્વ છે. એટલાં માટે તો તત્ત્વાનુશીલનમાં એક પ્રકરણ નાખ્યું છે ને ! જ્ઞાનના બહાને, પુરુષાર્થના બહાને, શ્રદ્ધાના બહાને, રુચિના બહાને, વિવેકના બહાને કે કોઈપણ બહાને પરિણામમાં ફેરફાર કરવાની બુદ્ધિ અસમ્યક્ છે. સમ્યક્ નથી (પણ) અસમ્યક્ છે. કરી શકાતું નથી અને કરવું છે (માટે) જુઠી છે, આમ (વાત) છે.

અશુભમાં સહજ ખેદ થાય છે, શુભમાં સહજ થોડો ઉત્સાહ પણ થાય છે. થાય છે, હોં ! કરું છું, કરું છું, એનો પ્રશ્ન નથી, (પણ) થાય છે. ''**...પર ઇન દોનોંમેં અથવા શુદ્ધતામેં...**'' (અર્થાત્) શુભાશુભમાં કે શુદ્ધતામાં પણ ફેરફાર કરવાનું મારે કોઈ પ્રયોજન નથી. એટલે પ્રયોજનનો વિષય એકાંતે પોતાનું શુદ્ધ સ્વરૂપ જ છે. પોતે જ પ્રયોજનનો વિષય છે, (એ) સિવાય કોઈ પ્રયોજનનો વિષય નથી.

પ્રયોજનનો અર્થ શું ? પ્ર = વિશેષે કરીને. યોજવું (અર્થાત્) To join = જોડવું, જોડાઈ જવું, વિશેષે કરીને જોડાવું. ક્યાં (જોડાવું) ? સ્વરૂપમાં. પ્રયોજનનો વિષય સ્વરૂપ જ છે, બીજુ કોઈ નથી. બસ ! મારું સ્વરૂપ એ જ મને પ્રયોજનભૂત છે અને એ સિવાય મારે કોઈ પ્રયોજનભૂત નથી. એની અંદર પર્યાયનું પ્રયોજન આપોઆપ છે. પર્યાયનું પ્રયોજન એની અંદર સમાવિષ્ટ છે, સમાવિષ્ટ થઈ જાય છે, એના માટે જુદું કાંઈ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- હું જ્ઞાનસ્વરૂપ છું અને જ્ઞાનસ્વરૂપ રહેવું એ જ મારું પ્રયોજન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હું જ્ઞાનસ્વરૂપ છું અને હું તો જ્ઞાનસ્વરૂપ રહું જ છું. રહેવું એ પ્રશ્ન ક્યાં છે ! જ્ઞાનસ્વરૂપ જ હું રહું છું, બસ ! આટલું જ મારું પ્રયોજન છે. મારા માટે વાત પૂરી થઈ ગઈ. મારે પર્યાય સામે જોવાનું રહેતું નથી ને ! પર્યાય સામે મારે જોવાનું રહેતું નથી. આ દ્રવ્યદૃષ્ટિનો પ્રકાશ છે ! બહુ સુંદર શૈલી આવી છે ! પત્રોમાં પણ (કાંઈ) શૈલી આવી છે !! જોરદાર શૈલી આવી છે !!

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ જે શરૂઆતમાં બાંધે છે એ પ્રયોજન આમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના ગર્ભમાં (પૂર્ણતાના લક્ષમાં) દ્રવ્યસ્વભાવ રહેલો છે અને દ્રવ્યસ્વભાવના અવલંબનમાં પૂર્ણતા ગર્ભિત છે. પૂર્ણતાનું લક્ષ ગર્ભિત છે. એ લક્ષ છૂટતું નથી. એનું લક્ષ કાંઈ છૂટતું નથી. કેમકે અપૂર્ણ પર્યાયનું જ્ઞાન થાય છે અને જ્ઞાન થાય છે એટલે અપૂર્ણ છે એમ જ્ઞાન થતાં પૂર્ણતા બાજુ વેગ પકડે છે. પૂર્ણ (સ્વરૂપના) આશ્રયે પૂર્ણ થવાનો વેગ પકડાય છે. જ્યારે અપૂર્ણ પર્યાયનું જ્ઞાન થાય છે અને અનુભવ થાય છે ત્યારે પૂર્ણના આશ્રયે પૂર્ણ થવાનો વેગ ઊભો થાય છે. પ્રતિસમય એ રીત ચાલુ રહે છે, વૃદ્ધિગત થાય છે.

''**માત્ર પિંડ હૂં', 'વૃત્તિ નહીં,' ગુરુદેવકે ઇન્હીં વચનોંકો હૃદયમેં ઉતાર લિયા હૈ.**'' (અર્થાત્) હું તો ત્રિકાળી પિંડ છું, અક્રિય ચિદબિંબ છું, એક સમયનું પરિણમન કે વૃત્તિ હું નથી. ગુરુદેવના આ વચનોને મેં હૃદયમાં ઉતારી લીધાં છે, લ્યો ! એક દિવસના વ્યાખ્યાનમાં જે ઉતાર્યું એ આ ઉતાર્યું છે.

''**શેષ ફિર.**'' વિશેષ પછી લેશું, એમ કહીને પત્ર પૂરો કરી નાખ્યો છે. ''**ધર્મસ્નેહી નિહાલચંદ્ર**''.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ-૨૦૧૧નું) શુલ્ક શ્રીમતિ નિર્મલાબેન મણીલાલ સાવલા, (મુંબઈ)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

અર્પણતા સાથે હોય જ છે કે હું કાંઈ જાણતો નથી. પોતે જે માર્ગે જાય છે તે માર્ગ જેણે પ્રગટ કર્યો તેનો વિનય અને ભક્તિ તથા અર્પણતા તેના હૃદયમાં હોય જ. **(સ્વાનુભૂતિદર્શન-૨૦૭)**

પ્રશ્ન :– શ્રીમદ્‌માં આવે છે કે બીજું કાંઈ શોધીશ નહિ, માત્ર એક સત્પુરુષને શોધી કાઢ અને તેમનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે. તો સર્વભાવ એટલે સર્વ અર્પણતા ?

સમાધાન :– હા, બધી જાતની અર્પણતા. ગુરુ જે કહે છે તે બધી અર્પણતા, તેમાં પોતાની કલ્પના અને પોતાનું ડહાપણ કાંઈ નહિ. ગુરુ જે કહે તે બધું માન્ય છે; પણ તે મને સમજાતું નથી એમ પોતે સમજવા પ્રયત્ન કરે. બાકી ગુરુ કહે છે તે બરાબર જ છે. મારી પોતાની કચાશ છે. શ્રીમદ્ તો ત્યાં સુધી કહે છે કે ગુરુને બધા ભાવ અર્પણ કરી દે પછી મુક્તિ ન મળે તો મારી પાસેથી લેજે; એનો અર્થ કે તને મુક્તિ મળશે જ. **(સ્વાનુભૂતિદર્શન-૨૦૮)**

❉

પ્રશ્ન :– વિશ્વાસ આવવો જોઈએ કે મારામાં ભર્યું પડ્યું છે ?

સમાધાન :– પોતાના સ્વભાવની જાતમાં જ બધું છે, આ વિભાવની જાત છે તેમાંથી કોઈ પ્રકારે મારો સ્વભાવ પ્રગટવાનો નથી. વિભાવ વિલક્ષણ અને દુઃખરૂપ છે. સ્વભાવમાંથી જ સ્વભાવ આવશે, વિભાવમાંથી સ્વભાવ આવવાનો નથી એવો વિશ્વાસ-પ્રતીતિ આવે તો જ પોતા તરફ પુરુષાર્થ કરે. જ્ઞાન-દર્શન-ચારિત્ર બધું પોતામાં જ છે, પોતામાંથી પ્રગટે છે. બહારનાં સાધનો હોય છે, પણ પ્રગટે છે નિજ સ્વભાવનો અભ્યાસ કરવાથી. ખરું સાધન પોતે પોતાનું થાય છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે તારું તત્ત્વ જુદું છે, અન-અભ્યાસને લઈને મુશ્કેલ લાગે છે. માર્ગ ગુરુ બતાવે છે પણ સમજવાનું, પ્રતીતિ કરવાની પોતાને રહે છે.પોતાની મેળે પોતાનો સ્વભાવ ઓળખવો કઠણ પડે છે. બતાવનાર ગુરુ મળે ત્યારે અંતરમાં ગ્રહણ થાય છે, એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૦૯)**

❉

પ્રશ્ન :– ગુરુએ માર્ગ બતાવ્યો છતાં ગુરુ તરફથી નજર પાછી વાળવી એમ ગુરુ કહેવા માંગે છે ?

સમાધાન :– ગુરુ એમ કહે છે કે તું સ્વતંત્ર છો, તું તારામાં જો, તારી દૃષ્ટિ ફેરવ. તું તારા તરફ દૃષ્ટિ કર. ગુરુ આમ કહી રહ્યા છે. પણ આગળ જનારને એવો ભક્તિભાવ આવે કે ગુરુ ! તમે જ માર્ગ બતાવ્યો, દિશા બતાવી, આત્મા બતાવ્યો, સ્વતંત્રતા બતાવી, સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. નિર્વિકલ્પદશા થાય ત્યારે મુક્તિનો માર્ગ પ્રગટ થાય–આત્માની સ્વાનુભૂતિ થાય–વેદન થાય. એ બધું આપે જ બતાવ્યું છે છતાં કરવાનું પોતાને રહે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૧૦)**

❉

પ્રશ્ન :– વચનામૃતમાં આવે છે કે જ્ઞાનીને શુભભાવ છે તે કાળા નાગ જેવો દેખાય છે અને બીજી બાજુ એમ કહેવામાં આવે છે કે જ્ઞાની તો શુભાશુભ ભાવોનો જ્ઞાતા છે. તો આ બન્નેનો મેળ કેવી રીતે છે ?

સમાધાન :– જ્ઞાનીને ભેદજ્ઞાનની દશા છે. આ સ્વભાવ છે અને આ વિભાવ છે એમ તેને સહજ જણાય છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે પોતાની પરિણતિમાં ઊભો છે. અલ્પ અસ્થિરતા છે તેને પણ તે જાણે છે. છતાં પણ તેની ભાવના એવી છે કે હું સ્વરૂપમાં પૂર્ણ લીન કેમ થઈ જાઉં ? એવી ભાવનાને લઈને જ્ઞાનીને શુભભાવ કાળા નાગ જેવો લાગે છે. તે અપેક્ષાએ ત્યાં વાત છે. બાકી તેને દ્વેષબુદ્ધિ નથી, તે તો માત્ર જાણે છે–જ્ઞાયક છે–જ્ઞાતા છે. રાગ આવે છે તેનો જ્ઞાતા-દૃષ્ટા છે, પણ તેને ભાવના તો એમ રહે કે આ અધૂરાશ છે. અહો ! મુનિઓ ક્ષણે ક્ષણે સ્વરૂપમાં જામી જાય છે એવી મારી દશા નથી, એવી દશા મને ક્યારે થઈ જાય કે હું સ્વરૂપમાં લીન થઈ જાઉં. માટે આ વિભાવ છે તે આદરણીય નથી, મારો સ્વભાવ નથી.

મને ક્યારે વીતરાગદશા થઈ જાય અને હું શાશ્વત આત્મામાં રહી જાઉં, વિભાવ મને ન હો, મને પૂર્ણ સ્વભાવ હો. એવી તેની ભાવના રહે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૧)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– ભાવમાં એમ આવે છે કે હે ગુરુદેવ ! અમે કાંઈ જાણતા નહોતા, આપે જ માર્ગ બતાવ્યો અને બીજી બાજુ એમ આવે છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, તો શું સમજવું ?

સમાધાન :– ગુરુદેવે કરી દીધું તેમ કહેવાય, પણ કરવું પોતાને પડે છે. અનંતકાળમાં પોતે પોતાના દોષથી રખડ્યો છે, ભગવાનને કે ગુરુને ઓળખ્યા નથી, મળ્યા તો પણ ઓળખ્યા નહિ. આ પંચમકાળમાં ગુરુ મળ્યા, તેમની વાણી મળી. તેને પોતે ગ્રહણ કરીને પુરુષાર્થ કરે તો જાગે છે. ગુરુદેવની વાણી તો બધાને માટે પ્રબળ નિમિત્ત છે, પણ તૈયારી પોતાને કરવાની રહે છે. ગુરુદેવનો તો ઉપકાર અમાપ છે, પણ પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. ગુરુદેવ પણ એમ જ કહેતા કે તું કર તો થશે.

પોતાની સ્વાધીનતાથી થાય છે. તારું દ્રવ્ય સ્વતંત્ર છે, બધાં દ્રવ્ય સ્વતંત્ર છે. તું તારો પુરુષાર્થ કર, પણ પુરુષાર્થ કરનાર ગુરુનો ઉપકાર માન્યા વગર રહે નહિ. કરનારને ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૦૪)**

❋

પ્રશ્ન :– કરે પોતે, છતાંય ઉપકાર માનવો ?

સમાધાન :– પોતે કરે છતાં કહે કે હે ગુરુદેવ ! તમે કરી દીધું. આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે કે પરમ ગુરુના અનુગ્રહથી અમારો નિજ વૈભવ પ્રગટ્યો છે. કુંદકુંદાચાર્ય માટે દેવસેન આચાર્ય જેવા કહે છે કે આપ વાણી ન લાવ્યા હોત તો અમારા જેવા પામરનું શું થાત ! તેમ આવા ગુરુ આ પંચમકાળે પધાર્યા તો બધાને ઉપકાર થયો. નહિતર શું થાત ? ગુરુદેવ પધાર્યા તો માર્ગ બધાને ચોખ્ખો કરીને બતાવ્યો.

**(સ્વાનુભૂતિદર્શન-૨૦૫)**

❋

પ્રશ્ન :– જ્ઞાનીની ભક્તિ કેવી રીતે પ્રગટ થાય ?



સમાધાન :– માત્ર બહારથી ભક્તિ કરવી એમ નહીં પણ પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે. અંતરમાં બહુમાન આવવું જોઈએ. જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ. અર્પણતા એવી આવી જાય કે ગુરુદેવ કહે છે તે બરાબર છે. તેમણે જે માર્ગ કહ્યો છે તે બરાબર છે. તેમ પોતાથી નક્કી કરીને બહુમાન આવવું જોઈએ. પોતે વિચાર કરીને નક્કી કરે કે આ સત્પુરુષ છે તે અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે. પછી, તે કહે તે બરાબર છે તેમ પોતાને અંતરમાંથી તે પ્રકારે બહુમાન-ભક્તિ આવે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૦૬)**

પ્રશ્ન :– ગુરુ કહે એમાં શંકા ન પડે એવી જાતની તૈયારી જોઈએ ?

સમાધાન :– તે જાતની તૈયારી અંદરમાંથી બહુમાન-ભક્તિવાળાને થઈ જાય છે. ગુરુ જે કાંઈ કહેતા હોય તેમાં કાંઈક આશય હશે ! કાંઈક હિત હશે ! એવો અર્થ ગ્રહણ કરે છે. આમ દેખાવા છતાં તેઓ આમ કેમ કહે છે ? - એમ નહીં, પણ તેમાં કાંઈ હિત કે આશય હશે, એમ પોતે ગ્રહણ કરે છે.

મુમુક્ષુ :– એક હોય ત્યાં અવિનાભાવી બીજું હોય જ ? આત્માની રુચિ લાગે તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ ?

બહેનશ્રી :– અંતરની રુચિ હોય તેને જ્ઞાની પ્રત્યે બહુમાન હોય જ, એવો સંબંધ છે. અંતરની રુચિ હોય અને ગુરુ પ્રત્યે બહુમાન ન હોય તેમ ન બને. જો ગુરુ પ્રત્યે બહુમાન ન આવે તો તેની રુચિમાં કચાશ છે. તેણે પોતાની બુદ્ધિ અને કલ્પનાથી બધું નક્કી કર્યું છે. જેની રુચિ આત્માને પામવાની છે, તેને ગુરુ પ્રત્યે

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૨૦ ઉપર)**

અધ્યાત્મના ઉન્નત શિખરે બિરાજમાન કરુણાનિધાન કૃપાસિંધુ ભવ્યજીવોના હિતૈષી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિને ભાવભીના શ્રદ્ધાસુમન સહિત કોટિ કોટિ પ્રણામ.



હે દિવ્યમૂર્તિ ! આપનો આ કાળમાં જન્મ એ અમ જેવા પામરજીવો માટે કલ્પવૃક્ષતુલ્ય છે. આપની નિષ્કારણ કરુણાને શું સ્તવીએ ? હે ગુણમેરુ ! ગુણપૂંજ ! આપના ગુણોનું સ્તવન, આપના સ્વરૂપનું ચિંતવન, આપની મુખાકૃતિનું હૃદયથી અવલોકન, મન-વચન-કાયાની ચેષ્ટાના અદ્‌ભુત રહસ્યોનું નિદિધ્યાસન હૃદયપૂર્વક હો એ જ આજના દિવસે ભાવના.

મન-વચન-કાય યોગે જાણતા-અજાણતા જે કાંઈ વિરાધના, અશાતના, અપરાધ થયા છે તે સૌની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. આપ પરમકૃપાળુ પરમદયાળના ચરણોમાં શુદ્ધચિત્તથી નમસ્કાર હો, નમસ્કાર હો.

*– સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર*